# ઉત્તરવાહિની નર્મદા કિનારે નર્મદાકાશી ક્ષેત્રમાં શિવજી બિરાજમાન છે પારદેશ્વરના રૂપમાં

**આચમન**
**બિપિન પટેલ**

ભારત ઋષિમુનિઓ અને તીર્થોનો દેશ છે. કાશી ભારતનું એક વિશિષ્ટ તીર્થ છે, જ્યાં ગંગાજી દક્ષિણથી ઉત્તર દિશા તરફ વહે છે. અર્થાત આ પાવન ક્ષેત્રમાં ગંગાજી ઉત્તરવાહિની છે. એટલે શાસ્ત્ર-વિધાન પ્રમાણે એ ક્ષેત્ર કાશી કહેવાય છે. એ જ રીતે નર્મદાજી પણ જ્યારે ગુજરાતમાં વહે છે ત્યારે નર્મદા જિલ્લાના રામપુરાથી તિલકવાડા સુધીના લગભગ સાત કિ.મિના વિસ્તારમાં દક્ષિણથી ઉત્તર દિશા તરફ વહે છે. અર્થાત આ ક્ષેત્રમાં નર્મદાજી ઉત્તરવાહિની બને છે, એટલે સંતસમાજ આ પવિત્ર ક્ષેત્રને નર્મદાકાશી તરીકે ઓળખે છે. ચૈત્ર માસ દરમિયાન ઉત્તરવાહિની નર્મદાજીની પરિક્રમા કરવાનો ઘણો મહિમા છે. પ્રતિ વર્ષ લાખ્ખોની સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તો આ

> **શાસ્ત્રો એવું કહે છે કે પારદેશ્વર લિંગ સાક્ષાત્ શિવનું જ સ્વરૂપ છે. જેના દર્શનમાત્રથી અને સ્પર્શથી કરોડો ગાયોના દર્શન કર્યા જેટલું અને અશ્વમેધ યજ્ઞ કર્યા જેટલું પુણ્ય મળે છે**






ઉત્તરવાહિની નર્મદાજીની પરિક્રમા કરીને ધન્ય બને છે. આ પવિત્ર નર્મદા-કાશી ક્ષેત્રમાં જૂના ગુવાર ગામે નર્મદાજીના બિલકુલ કિનારે શ્રી સ્વામી રામાનંદ સંત આશ્રમે આકાર લીધો છે. જેના પ્રણેતા છે હિમાલયવાસી મહામંડલેશ્વર શ્રી સ્વામી અભિરામદાસજી ત્યાગી. જેના ભવ્ય મંદિરમાં શિવજી પારદેશ્વરના રૂપમાં બિરાજમાન છે. વર્ષ 2008માં તેમની પ્રાણપ્રતિષ્ઠા થઈ હતી. સાથે સાથે મંદિરમાં ભગવાન શ્રી સીતારામજી, મા નર્મદા મૈયા, મા વૈષ્ણોદેવી મૈયા, ભક્તરાજ હનુમાનજી મહારાજ, શિવ પરિવાર અને પરમ ગુરુદેવ શ્રી સ્વામી પરમેશ્વરાનંદજી તેમ જ પરાત્પર ગુરુદેવ શ્રી સ્વામી રામાનંદાચાર્ય પણ પ્રતિમા રૂપે બિરાજમાન છે. આજે તો આ આશ્રમ એક તીર્થધામ તરીકે સંતો અને ભક્તોના આકર્ષણનું કેન્દ્ર બની ગયો છે.

આશ્રમ મંદિરમાં બિરાજમાન પારદેશ્વર લિંગના નિર્માણની પ્રક્રિયા પણ રસપ્રદ છે. તેના નિર્માણમાં દોઢ કિંવટલ પારો, 50 કિલોગ્રામ ચાંદી, અલ્પ માત્રામાં સોનું, વિપુલ પ્રમાણમાં અષ્ટધાતુ, બિલ્વનો ગર્ભ તેમ જ હિમાલયની કેટલીક દિવ્ય જડીબુટ્ટીનો ઉપયોગ કરાયો છે. આ મિશ્રણના સંયોજન અને તેની સ્થિરતા માટે ઋષિકેશના શ્રી સ્વામી રામાનંદ સંત આશ્રમમાં સંતો દ્વારા સતત બે વર્ષ સુધી કેટલાક સિદ્ધમંત્રોના જપ અને ધાર્મિક અનુષ્ઠાનો કરાયાં હતાં અને એ રીતે પારાનું ઘનીકરણ કરીને આ દિવ્ય પારદેશ્વર લિંગનું નિર્માણ કરાયું હતું. ત્યાર બાદ વર્ષ 2008માં જૂના ગુવાર ગામના આ આશ્રમમાં તેની પ્રાણપ્રતિષ્ઠા થઈ હતી. શાસ્ત્રો એવું કહે છે કે પારદેશ્વર લિંગ સાક્ષાત્ શિવનું જ સ્વરૂપ છે. જેના દર્શનમાત્રથી અને સ્પર્શથી કરોડો ગાયોના દર્શન કર્યા જેટલું અને અશ્વમેધ યજ્ઞ કર્યા જેટલું પુણ્ય મળે છે. એવું પણ માનવામાં આવે છે કે આ પારદલિંગ-પારદેશ્વરના દર્શનનું ફળ દ્વાદશ જ્યોતિર્લિંગના દર્શનના ફળ બરાબર છે.

તેના પૂજનથી વાસ્તુદોષનું નિવારણ થાય છે એવી પણ એક માન્યતા છે. તો વળી તે સકારાત્મક ઊર્જા અને ચેતનાનું પ્રતીક પણ છે. શ્રાવણ માસ છે ત્યારે ચાલો આપણે પણ શ્રી સ્વામી રામાનંદ સંત આશ્રમમાં બિરાજમાન પારદેશ્વર મહાદેવના દર્શન, સંતોના દર્શન અને નર્મદાસ્નાન કરીને ધન્ય બનીએ!

# ભક્તિ અડગ હોય તો ભગવાન પણ સામે આવે

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**

પોરબંદર પંથકનું એક ગામ વિસાવાડા, જ્યાં દ્વારકાના ધણી તેમના એક ભગતને વશ થઈ પોતે પધાર્યા છે. એવું એક રણછોડરાયનું દેરું છે અને એ બંધાવનાર મેર કોમના વિંઝાત ભગત છે. લગભગ 800 વર્ષ પૂર્વેની વાત છે. વિસાવાડા ગામના એક ભગત જેનું નામ વિંઝાત છે.

> **ભગતની એક ટેક હતી. બપોરે ભોજન લેતાં પહેલાં દ્વારકાના મંદિરની ધજાનાં દર્શન કરવાની ટેક. એટલે વિસાવાડાથી દશેક ગાઉ દૂર દ્વારકા તરફ જાય, ત્યારે મંદિરની ધજાનાં દર્શન થાય**



આ ભગતનું ઘર સાધુસંતો માટે આશ્રયસ્થાન ગણાતું. અહીં ભગવાનની દયાથી ભગતની કોઠીઓમાં જાર ખૂટતી ન હતી અને જે કોઈ આવે તે ભગતના ઘેર જમીને જ આગળ જાય, આખા પંથકમાં આ ભગતને લોકો જાણતા હતા. ભગતની એક ટેક હતી. બપોરે ભોજન લેતાં પહેલાં દ્વારકાના મંદિરની ધજાનાં દર્શન કરવાની ટેક. એટલે વિસાવાડાથી દશેક ગાઉ દૂર દ્વારકા તરફ જાય, ત્યારે મંદિરની ધજાનાં દર્શન થાય. ગમે તે ઋતુ હોય, તાપ હોય, વરસાદ હોય તોય એવા સંજોગોમાં પણ ભગત ઘોડી પર સવાર થઈ ધજાનાં દર્શન કરવા જતાં અને પછી જ જમે. વર્ષોથી આ નિયમ પાળતા રહ્યા હતા. એક વાર એ જ રીતે ધજાના દર્શન કરવા પંથે પડી ગયા. આગળ જતાં એક બ્રાહ્મણ મળ્યો; બ્રાહ્મણે બૂમ પાડી ભગતને કહ્યું; ''એ ભાઈ, ઊભા રો, આગળ જાતા નહીં.'' ભગતે કહ્યું; ''કેમ ? શું છે?'' બ્રાહ્મણ કહે, ''આગળ લૂંટારા છે, તમારો જીવ જોખમમાં છે. પાછા વળો, જવા જેવું નથી.''

ભગત કહે, ''ના મારે જવું પડે. મારી ટેક છે. ધજાનાં દર્શન કર્યા વિના મારાથી રોટલાનું બટકું યે નો લેવાય.'' બ્રાહ્મણે ફરી આડા ઊભા રહી ભગતને રોક્યા. ભગતે કહ્યું; ''મહારાજ હટી જાવ, નહીં તો મારે તમને બળજબરી કરવી પડશે.'' તોય બ્રાહ્મણ ન હટ્યો અને ઘોડીની ગરદન પર હાથ વીંટાળી ઊભા. ત્યારે ભગતે બ્રાહ્મણને બળથી હડસેલી દૂર કર્યા. બ્રાહ્મણ દૂર થઈ કંટાળી વાડ પાસે પડ્યો.


ભગત ઘોડી પર સવાર થઈ જેવા ઠેસ મારવા ગયા, તેવામાં ઘોડી આગળ શ્યામસુંદર રણછોડરાય ઊભેલા જણાયા. બાજુમાં પડેલો બ્રાહ્મણ અદ્રશ્ય થઈ ગયો હતો.

ભગત સમજી ગયા, બ્રાહ્મણના વેશમાં આવેલો આ મારો ધોળી ધજાવાળો નાથ છે. એ પ્રભુ ચરણોમાં પડી પોતાના ગામ પધારવા વિનવવા લાગ્યા.

ભગવાને કહ્યું; ''ભગત ગામમાં મંદિર બંધાવો અને ત્યાં મારો વાસ કરીશ.

તમે વર્ષોથી ટેક જાળવી તો મારે પણ તમને વશ થવું જ પડે'' અને એ ભગતે ગામમાં દેરું બંધાવ્યું, રણછોડજીની મૂર્તિ પધરાવી, આજે ય એ દેરાં અડગ ભક્તિની સાક્ષી પૂરે છે.

**25 સત્સંગ**
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ
**શ્રી કૃષ્ણ જન્માષ્ટમી**



## સપ્તાહનાં વ્રત-તહેવાર

**તા. ૩૧ થી તા. ૬ સપ્ટેમ્બર ૨૦૨૬**

### તા. ૩૧ સોમવાર
શ્રાવણ વદ ત્રીજ, કાજલી ત્રીજ- વ્રત, બોળ-બહુલા ચોથ, શિવપૂજન-મગ, સંકટ ચોથ, ચંદ્રોદય રાતે ૮-૫૦, પંચક સમાપ્ત રાતે ૩-૨૫.

### તા. ૧ સપ્ટેમ્બર મંગળવાર
શ્રાવણ વદ ચોથ, નાગપાંચમ, પાંચમ ક્ષયતિથિ, મંગલાગૌરી પૂજન, શ્રી વાસુદેવાનંદ સરસ્વતી જયંતી.

### તા. ૨ બુધવાર
શ્રાવણ વદ છઠ, રાંધણ છઠ, હળ ષષ્ઠી, બુધ પૂજન.

### તા. ૩ ગુરુવાર
શ્રાવણ વદ સાતમ, શીતળા સાતમ, બૃહસ્પતિ પૂજન

### તા. ૪ શુક્રવાર
શ્રાવણ વદ નોમ, ગોપાલકારા, નંદ મહોત્સવ, શિક્ષકદિન, અશ્વત્થ મારુતિપૂજન

### તા. ૫ શનિવાર
શ્રાવણ વદ એકમ, હિંડોળા, અશ્વસ્થ-મારુતિ પૂજન, પંચક.

### તા. ૬ રવિવાર
શ્રાવણ વદ દશમ, આદિત્ય પૂજન, દડિયા દશમ, મેઘરાજાની સવારી-ભરૂચ.